**આંક–૬**

મહે.લેબર કોર્ટ અમદાવાદના એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (સી.ડી.) સાહેબ સમક્ષ , જિ.અમદાવાદ.

**સી.સી.નં.૮૫૯/૨૦૨૧**

ફરીયાદી– સરકારી શ્રમ અધિકારી / નિરીક્ષકશ્રી

વિરુદ્ધ

આરોપી – (૧) શ્રી પુજાબેન અજીતભાઈ ખુલ્લર (પ્રોપરાઈટરશ્રી)
એસ.આઈ.ઈન્ટરપેક,૭૨ થી ૭૪ અજંન્ટા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ
ઈયાવા વાસના તા.સાણંદ જિ.અમદાવાદ.

**ગુન્હો– ઈન્ટર સ્ટેટ માઈગ્રેન્ટ વર્કમેન (રેગ્યુલેશન એન્ડ એપ્લોયમેન્ટ એન્ડ કન્ડીશન્શ ઓફ સર્વિસીસ) એકટ ૧૯૭૯ ની કલમ ૨૬ હેઠળ**

## <u>ચુકાદો</u>

(૧) આ કામના ફરીયાદીની ફરીયાદની ટુંકી હકીકત નીચે મુજબ છે.

આ કામના ફરીયાદીએ આરોપી સામે **ઈન્ટર સ્ટેટ માઈગ્રેન્ટ વર્કમેન (રેગ્યુલેશન એન્ડ એપ્લોયમેન્ટ એન્ડ કન્ડીશન્શ ઓફ સર્વિસીસ) એકટ ૧૯૭૯** અન્વયેના ગુજરાત નિયમોના **નિયમ–૩(૧) અને ૪૮** ના ભંગ સંદર્ભેની ફરીયાદ અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરેલ હતી. વધુમાં આરોપીએ સદરહું કાયદાની **કલમ ૨૬** મુજબની શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનું કથન કરેલ છે. ફરીયાદીની સદરહું ફરીયાદ અન્વયે અત્રેની કોર્ટ દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૯૦ (૧)(એ) મુજબ રજુ થયેલ હોઈ જેથી સદરહુ કાયદાની કલમ ૨૦૦(એ) વંચાણે લેતાં કલમ ૨૦૪ માં જણાવ્યા મુજબ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીની સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૨) ત્યારબાદ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં આરોપી વતી તેઓને ઓથોરીટી આપનાર વ્યકિત હાજર થયેલ જેથી તેઓને ફરીયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ ૨૫૧ મુજબ તેઓને ગુનાની વિગતો જણાવવામાં આવેલ તેમજ ફરીયાદની નકલ આપવામાં આવેલ તેઓને ગુનો કબુલ છે કે કેમ ? તેવું પુછવામાં આવતાં તેઓએ આરોપી વતી ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુનાની કબુલાત પુરસીસ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ ૨૫૨ અન્વયે રજુ કરેલ છે. તેઓએ આરોપી વતી ગુનાની પુરસીસ રજુ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે તેમ છતાં તેઓએ આરોપી વતી ગુનો હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) તેઓએ હાલની ફરીયાદ અન્વયેનો ગુનો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબુલ કરતા હોવાનું જણાવીને કબુલાત પુરસીસ રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુનામાં સંડોવાયેલ નથી.ભવિષ્યમાં આવો કોઈ ગુનો કરશે નહી તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મુકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ તબક્કે **નામદાર મદ્રાશ હાઈકોર્ટ સમક્ષના એન.રામૈયા વિ.સ્ટેટ** નો ચુકાદો જોવામાં આવે તે તેમાં આરોપી વતી ઓથોરીટી આધારે જે વ્યકિતને ઓથોરીટી આપેલ હોઈ તેઓ ગુનાની કબુલાત કરી શકે

તેવું ઠરાવેલ છે. તે સંજોગોમાં આરોપીની ઓથોરીટી આધારે જે વ્યકિત અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુનો કબુલ કરી શકે તેમ છે. વધુમાં આરોપી સામેના ગુનાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **ઈન્ટર સ્ટેટ માઈગ્રેન્ટ વર્કમેન (રેગ્યુલેશન એન્ડ એપ્લોયમેન્ટ એન્ડ કન્ડીશન્શ ઓફ સર્વિસીસ) એકટ ૧૯૭૯ અન્વયેના ગુજરાત નિયમોના નિયમ– ૩(૧) અને ૪૮** નો ભંગ કરીને સદરહું કાયદાની **કલમ ૨૬** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. તે ગુના સંદર્ભે કાયદામાં જે સજાની ન્યુનત્તમ જોગવાઈ છે તે ધ્યાને લેતાં તેમજ આરોપી સામેનો હાલનો પ્રથમ ગુનો હોઈ અને આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત સ્વેચ્છાએ ગુનો કબુલ કરતાં હોય તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતાં તથા તેઓની ઉંમર, કેસની હકીકત, સજાની જોગવાઈ તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ગુજરાત વિ. નટવર હરચંદ ઠાકોર , ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપરના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતને ધ્યાને લેતાં આ કામના આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિતને વ્યાજબી તથા ઓછા દંડની સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

## હુકમ

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ ૨૫૨ મુજબ **ઈન્ટર સ્ટેટ માઈગ્રેન્ટ વર્કમેન (રેગ્યુલેશન એન્ડ એપ્લોયમેન્ટ એન્ડ કન્ડીશન્શ ઓફ સર્વિસીસ) એકટ ૧૯૭૯ અન્વયેના ગુજરાત નિયમોના નિયમ– ૩(૧) અને ૪૮** ના ભંગ બદલ સદરહું કાયદાની **કલમ ૨૬** હેઠળ કસુરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને તે બદલ **રૂ.૧,૦૦૦/–(અંકે રૂ.એક હજાર પુરા )** દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી ઈન્દ્રા નારાયણ ચૌધરી** નાઓને ઉપરોક્ત દંડ ભરવાની સજા કરવામાં આવે છે.

(૨) આરોપીઓ વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી ઈન્દ્રા નારાયણ ચૌધરી** દંડની રકમ ભરવાનો કસુર કરે તો તેઓએ જાતે એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીઓ વતી ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૧/૧૨/૨૦૨૧ ના રોજ વાંચી સંભળાવી સહી કરી સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

તારીખ– ૧૧/૧૨/૨૦૨૧
સ્થળ–અમદાવાદ

**(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)**
CODE : GJ00837
એડીશનલ ચીફ જ્યુડીશીલ મેજીસ્ટ્રેટ
ન્યાયાધીશ (સીનીયર ડીવીઝન)
લેબર કોર્ટ,અમદાવાદ